# સંભવિત વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણ તકેદારીપૂર્વક તૈયારીઓ કરવા વહીવટી તંત્રને અનુરોધ કરતા મુખ્ય સચિવ પંકજ કુમાર

### ગાંધીનગર ખાતે પ્રિમોન્સૂન તૈયારી અંગે સમીક્ષા બેઠક યોજાઇ, આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેવાની સંભાવના

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૨૬

રાજયમાં આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા વહીવટીતંત્ર સજજ બન્યું છે. રાજયમાં સંભવિત તમામ પરિસ્થિતિઓને પહોચી વળવા સંપૂર્ણ તકેદારીપૂર્વક તૈયારીઓ કરવા વહીવટી તંત્રને મુખ્ય સચિવ પંકજ કુમારે અનુરોધ કર્યો હતો.

આજે ગાંધીનગર ખાતે યોજાયેલી પ્રિમોન્સૂનની તૈયારી અંગે સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું હતું કે, આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદ, પૂર અને વાવાઝોડા સામે રાહત અને બચાવની કામગીરીમાં વહીવટીતંત્રે સાવચેતીપૂર્વક સઘન આયોજન કરવુ પડશે. બેઠકમાં ઉપસ્થિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ સંભવિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા અંગેનો એક્શન પ્લાન રજૂ કર્યા હતા. જેમાં મુખ્ય સચિવે જરૂરી તલસ્પર્શી સૂચનો કર્યા હતા. તેમણે ભૂતકાળના અનુભવના આધારે આપત્તિ સમયે જે કંઈ પણ તકલીફ પડી હોય તેના નિરાકરણ માટે પૂરતી કાળજી રાખવા, જિલ્લા ડિઝાસ્ટર પ્લાન વાસ્તવિકતા અને તથ્યોના આધારિત સચોટ બનાવવા તેમજ પૂર ઉપરાંત અન્ય વિકટ પરિસ્થિતિમાં રિસ્પોન્સ ટાઈમ ઘટે અને લોકોને ત્વરિત મદદ થાય તે અંગે વ્યૂહાત્મક યોજના બનાવવા પણ સૂચના આપી હતી.

મુખ્ય સચિવે ઉમેર્યું કે, રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે વરસાદ સહિત અન્ય કામગીરીના ડેટા કલેકશન અંગેના રિપોર્ટનું ખાસ ફોર્મેટ બનાવવું જેથી તમામ વિભાગોના ડેટા એકસમાન ફોર્મેટમાં આવે અને ડેટા કલેકશનમાં સુસંગતતા જળવાઈ રહે. દરમિયાન ભારતીય હવામાન વિભાગ દ્વારા આ વર્ષે દેશભરમાં ચોમાસુ સામાન્ય રહેવાની આગાહી કરવામાં આવી છે. કેરળમાં જયારે વરસાદ પડશે તે પછીના ૪૮ કલાકમાં ગુજરાતમાં વરસાદની સંભાવના અંગેની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવશે આ માટે હવામાન વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.સ્વરૂપે સંભવિત વરસાદની પરિસ્થિતિમાં પુર અને વાવાઝોડામાં રાહતની કામગીરી દરમિયાન વિવિધ વિભાગો અને સુરક્ષા એજન્સીઓ દ્વારા કરાયેલ તૈયારીઓની સવિસ્તૃત વિગતો આપી હતી અને પુર-વાવાઝોડા દરમિયાન સાવચેતીના ભાગરૂપે રાખવાની થતી કાળજી અંગે જરૂરી સૂચનો કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, રાજયમાં ચોમાસાની તૈયારીઓ માટે તમામ વિભાગો દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જિલ્લાકક્ષાએ પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન બનાવીને તેની બેઠકો પણ યોજી દેવામાં આવી છે. આ બેઠકમાં આર્મી, હવાઈ દળ, બીએસએફ, એનડી આર એફ, સીઆઈ એસ એફ, ગુજરાત પોલીસ, બીએસ એનએલ, જીએસ ડીએમએ, જીપીસીબીના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કેરળમાં ચોમાસુ શરૂ થયા બાદ ૪૮ કલાકમાં ગુજરાતમાં વરસાદ ક્યારે પડશે હવામાન વિભાગ આગાહી કરશે

# કુસુમસાગર તળાવ પાસેથી ફેરિયાઓને હટાવાતા લોકો બેરોજગાર બન્યા ?

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૨૬

છોટાઉદેપુર નગરના મધ્યમાં આવેલ કુસુમસાગર તળાવ જે નગરના નાક સમાન છે તત્કાલીન સત્તાધીશોએ વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૮ ના પાલિકાના બોર્ડમાં નવીનીકરણ કરી નગરજનો માટે મધ્યમાં આવવા જવા માટે સુંદર પથ અને બગીચો તેમજ વિસામાં માટે કુટીર બનાવી હતી જેને સ્વચ્છ રાખવા માટે અમે માવજત કરવા માટે તળાવની ચોતરફ ૬ ફૂટની ઊંચાઇ સુધી જાળી લગાવી શુશોભિત લાઇટો લગાવી હતી અને તદુપરાંત ત્યાં ગંદકી ના થાય તે જોવા માટે કર્મચારીની નિમણૂંક પણ કરી હતી પરંતુ વર્તમાન સત્તાધીશોએ પોતાના ૪ વર્ષના શાસનમાં આ તળાવની હાલત બદથી બદતર કરી નાખી છે જેને પગલે લોકોમાં નારાજગી જોવા મળી હતી હાલ આ તળાવમાં કમળની વેલ અને સાફ સફાઇ માટે ૧૮-૫૦ લાખની ગ્રાન્ટ ફાળવી છે ત્યારે તળાવમાં કચરો ના નાખે તે માટે પાલિકા દ્વારા તળાવની ચોતરફ બેસતા ફેરિયાઓને હટાવ્યા હોવાનું પાલિકા વર્તુળ જણાવેછે બીજી તરફ ફેરિયાઓ જણાવેછે કે પાલિકાએ અમોને હટાવતા અમો બેરોજગાર થઈ ગયા અમે કયા જઈએ ? તો નગરના કેટલાક આગેવાનોએ રૂબરૂ મુલાકાતમાં અમારા પ્રતિનિધિને જણાવ્યું હતું કે આ પાલિકા તળાવની ચોતરફ કેમેરા મૂકે અને જે કચરો નાખે એના માટે મોટા દંડની રકમ વસૂલવા નક્કી કરે પરંતુ ફેરિયાઓને બેરોજગારી ના બનાવે આમ પાલિકા દ્વારા સ્વચ્છતાની બાબતે ફેરિયાઓને હટાવવાનું કારણ જાણવા મળ્યું

જ્યારે હટાવાયેલા ફેરિયાઓ બેરોજગાર બન્યાનું જણાવેછે હવે તટસ્થ લોકો એવું જણાવેછે કે પાલિકા હજુ પણ ઉંચાઈમાં જાળી નાખે અને સાથે કેમેરા નાખી કચરો નાખનારનું ફૂટેજમાં ધ્યાને આવે તો દંડ વસૂલે પરંતુ રોજગાર મેળવતા ફેરિયાઓને ધંધો કરવાદે અન્યથા લોકો પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા અસમર્થ બનશે હવે પાલિકા આ બાબતે શું નિર્ણય લેશે તે આવનાર સમયમાં લોકો સમક્ષ આવશે

# અમદાવાદમાં આઇપીએલની ફાઇનલ મેચ માટે જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૨૬

અમદાવાદમાં આગામી તા. ૨૯ મે ને રવિવારના રોજ રમાનારી આઈપીએલની ફાઈનલ મેચ માટે જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગુજરાતની ટીમ ફાઈનલમાં આવતા શહેરીજનોમાં અલગ પ્રકારનો જુસ્સો જોવા મળી રહ્યો છે. ત્યારે કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિકના પ્રશ્નો ન ઊભા થાય તે માટે શહેર પોલીસ અને ટ્રાફિક પોલીસની એક સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે. જેમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનો પણ સમાવેશ કરાયો છે.

મળતી માહિતી અનુસાર શહેર પોલીસ ઉપરાંત બહારથી વધારાની ફોર્સ પણ તહેનાત કરવામાં આવનાર છે. જેમાં ૬ ડેપ્યુટી પોલીસ કમિશનર, ૭ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, ૩૦ પોલીસ ઈન્સ્પેક્ટર અને ૫૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર ઉપરાંત એસઆરપીની ત્રણ કંપનીનો પણ સમાવેશ થાય છે.

આમ કુલ થઈને ૧૦ હજાર જેટલા પોલીસ જવાનો અને અધિકારીઓ નારણપુરા સ્પોર્ટસ કોમ્પ્લેક્સ સંકુલ અને નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે બંદોબસ્તમાં રહેશે.

આઈપીએલની ફાઈનલ મેચ માટે અત્યાર સુધીમાં ૧ લાખ ટિકીટો વેચાઈ ગઈ છે ત્યારે એએમટીએસ અને બીઆરટીએસ દ્વારા દર્શકોની સુવિધા માટે આવવા જવા માટે ખાસ બસ મુકવામાં આવશે. આ બસ બપોરના ૩થી લઈને રાત્રિના ૧.૩૦ સુધી ઉપલબ્ધ રહેશે. એએમટીએસ દ્વારા ૨૩૨ અને બીઆરટીએસ દ્વારા કુલ ૨૦૦ બસ મુકવામાં આવી છે.

વધુમાં કુલ ૩૧ જેટલા પાર્કિંગ પ્લોટ નક્કી કરવામાં આવ્યા છે. ટુ-વ્હિલર માટે ૮ પાર્કિંગ પ્લોટ, ફોર વ્હિલર માટે ૨૩ પાર્કિંગ પ્લોટ બનાવવામાં આવ્યા છે. જેમાં ૧૨૦૦૦ ટુ-વ્હીલર અને ૧૫૦૦૦ ફોર વ્હિલર પાર્ક કરી શકાશે. મેચ જોવા આવનાર દરેક વ્યક્તિએ ફરજિયાત પણે પોતાનું વાહન Show my park એપ પર એડવાન્સમાં બુકિંગ કરાવીને આવવાનું રહેશે.

તો બીજી બાજુ ૨૯મી મેના રોજ ગૃહમંત્રી અમિત શાહ દ્વારા નારણપુરામાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ભૂમિપૂજન થનાર છે તેના માટે ૪૦૦ જેટલી એએમટીએસની બસ પણ મુકવામાં આવી છે.

# યુએન મહેતા હોસ્પિટલના આરએમઓની ધરપકડ, ફેક એકાઉન્ટ બનાવી હોસ્પિટલને બદનામ કરી

### હોસ્પિટલના ડાયરેક્ટર આરકે પટેલે સાયબર ક્રાઇમ બ્રાંચને જાણ કરી

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૨૬

અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી યુએન મહેતા હોસ્પિટલના આરએમઓ ડો.કૌશિક બારોટની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે. તેઓની સામે હોસ્પિટલ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં બદનામ કરવાનો આરોપ લાગ્યો છે. એટલું જ નહીં તેઓ ખોટા આઈડી પરથી હોસ્પિટલ અને અન્ય લોકોની બદનામી કરતું લખાણ લખતા હતા. હોસ્પિટલના આરએમઓની ધરપકડથી ખળભળાટ મચી ગયો છે.

ઘણા લાંબા સમયથી સોશિયલ મીડિયામાં યુએન મહેતા હોસ્પિટલને બદનામ કરતી પોસ્ટ કરાતી હોવાથી હોસ્પિટલના ડાયરેક્ટર આર કે પટેલે સાઈબર ક્રાઈમને ફરિયાદ કરી હતી. પોલીસે તપાસ કરતા સામે આવ્યુ કે, હોસ્પિટલ અંગે બદનામી કરતું લખાણ અન્ય કોઈએ નહી પણ હોસ્પિટલના આરએમઓ ડો.કૌશિક બારોટ જ અલગ-અલગ સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવીને હોસ્પિટલ અને અન્ય લોકોની બદનામી કરતા હતા.

તપાસમાં એવું પણ ખૂલ્યુ કે, તેઓ બીજાના નામે સીમકાર્ડ રાખતા હતા. તેમજ મોબાઈલમાં એક ખાસ પ્રકારની વોઈસ ચેન્જર એપ્લિકેશન રાખતા હતા કે ફોન કરવાથી સામી વ્યક્તિને મોબાઈલ નંબર ન દેખાય. એટલુ જ નહિ, સામી વ્યક્તિને યુવકને બદલે યુવતીનો અવાજ સંભળાતો હતો. પોતાનું નામ બહાર ન આવે તે રીતે તેઓ હોસ્પિટલની બદનામી કરતા હતા. આરએમઓ ડોકટરે સોશિયલ મીડિયામાં યુ એન મહેતા હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ કરવી સારી નથી એવું પણ લખેલું હતું જેથી ધરપકડ કરી સાઈબર ક્રાઈમે વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પહેલાં જ યુ.એન. મહેતા હોસ્પિટલ ના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી 'હોસ્પિટલ ટૂંક સમયમાં બંધ થાય છે અને હૃદયરોગના દર્દીઓની સારવાર થશે નહીં, હોસ્પિટલ હવે એપ્રિલ-૨૦૨૨માં કાર્યરત થશે. તકલીફ બદલ અમે દિલગીરી છીએ'; આ પ્રકારની પોસ્ટ બી.જે મેડિકલ કોલેજના જ વિદ્યાર્થી અને આસિસ્ટન્ટ પ્રોફેસર રહી ચૂકેલા ડૉક્ટર રોનક શાહે મૂકી હતી.આ મામલે યુ. એન. મહેતા હોસ્પિટલમાં નેટવર્ક એન્જિનિયર તરીકે ફરજ બજાવતા દેવાંગ પટેલે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ આપી હતી.૧૮ ઓકટોબર ૨૦૨૧ રોજ તેમણે હોસ્પિટલના પ્રોગ્રામની અપડેટ જોવા માટે ફેસબુકનું પેજ ખોલતા હોસ્પિટલ જેવું જ બીજું પેજ ખૂલ્યું હતું.યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ફેક એકાઉન્ટમાં હોસ્પિટલના તમામ ફોટા પોસ્ટ કરવામાં આવ્યા હતા અને નીચે પરમેનેન્ટરી ક્લોઝ એવું લખાણ લખવામાં આવ્યું હતું.

### ધોરણ નવ થી બારના વિદ્યાર્થીઓ ને મળશે માર્ગદર્શન

# નવી દિશા. નવું ફલકઃ જૂનના પહેલા અઠવાડિયામાં જિલ્લાના તમામ તાલુકાઓ માં યોજાશે કારકિર્દી માર્ગદર્શન શિબિર

વડોદરા, તા.૨૬

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવી દિશા..નવું ફલક ની પહેલ હેઠળ માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓ ની કારકિર્દીને યોગ્ય દિશા આપવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ દ્વારા ધોરણ નવ થી બારના વિદ્યાર્થીઓ ને શિક્ષણ અને વ્યવસાયમાં કારકિર્દીની ઉપલબ્ધ તકોની માહિતી આપવામાં આવે છે અને આ વિષયની તેમની મૂંઝવણો નું સમાધાન વિષય તજજ્ઞો ની મદદથી કરવામાં આવે છે.

તેના ભાગ રૂપે જિલ્લા કક્ષાના કાર્યક્રમ પછી હવે જૂનના પહેલા અઠવાડિયામાં વિવિધ ખાતાઓ અને શિક્ષણ સંસ્થાઓનો સહયોગ લઈને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તાલુકાઓ ની શાળાઓમાં કારકિર્દી માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી છે.આ શિબિરોમાં રોજગાર અને તાલીમ વિભાગ,ટેકનિકલ શિક્ષણ વિભાગ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા કૃષિ અને પશુપાલન વિભાગના તજજ્ઞો માર્ગદર્શન આપશે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના કેળવણી નિરીક્ષક મુકેશ પાંડે એ આપેલી જાણકારી પ્રમાણે તા.૧ લી જૂનના રોજ સાવલી ખાતે હાઈસ્કૂલમાં,૨ જી ના રોજ એન.જી.શાહ હાઈસ્કૂલ,વાઘોડિયા અને એમ.કે.શાહ હાઈસ્કૂલ,ડેસર માં,૩ જી ના રોજ ગુરુ મુગટરામ હાઈસ્કૂલ, મંજુસર અને ઝેન સ્કૂલ,પાદરામાં, ૪ થી ના રોજ જે.સી.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ,શિનોર ખાતે અને ૬ તારીખે જુનિયર સાયન્સ કોલેજ,ડભોઇ અને કરજણ તાલુકાના દેથાણ ગામે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માં શિબિરો રાખવામાં આવી છે.કાર્યક્રમના સુચારુ આયોજન માટે કન્વીનર અને સહ કંવિનરો ની નિયુક્તિ કરવામાં આવી છે.

# ફર્સ્ટ ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ - ૨૦૨૨

વડોદરા, તા.૨૬

૧લી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ-૨૦૨૨ જેનું આયોજન ટેબલ ટેનિસ એસોસિએશન ઑફ બરોડા (TTAB) દ્વારા TTAB-MSU TT સેન્ટર, યુનિયન પેવેલિયન, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, ફતેહગંજ, વડોદરા ખાતે કરવામાં આવી રહ્યું છે. ૨૭ થી ૨૯ મે ૨૦૨૨.

આ ટુર્નામેન્ટમાં કુલ ૧૪ ઈવેન્ટ્સ રમાશે જેમાં છોકરાઓ અને છોકરીઓની દસ અલગ-અલગ કેટેગરીમાં પુરૂષો અને મહિલા સિંગલ્સ અને ચાર વેટરન્સ સિંગલ ઈવેન્ટનો સમાવેશ થાય છે. તેને લગભગ ૨૫૦ એન્ટ્રી મળવાની અપેક્ષા છે જેમાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના ખેલાડીઓનો સમાવેશ થાય છે.

ટુર્નામેન્ટ ૨૭મી મે ૨૦૨૨ના રોજ ૧૪:૩૦ કલાકે સબ-જુનિયર બોયઝની અંડર-૧૫ સિંગલ્સ સાથે શરૂ થશે,

ત્યારબાદ કેડેટ બોયઝની અંડર-૧૩, જુનિયર બોયઝની અંડર-૧૭ અને જુનિયર બોયઝની અંડર-૧૯ સિંગલ્સ ઈવેન્ટ્સ થશે. મેન્સ સિંગલ્સની ઈવેન્ટ પ્રથમ દિવસે ૧૯:૦૦ કલાકે શરૂ થશે. ગર્લ્સ ઈવેન્ટ્સ ૨૮મી મે ૨૦૨૨ના રોજ બપોરે ૨:૩૦ કલાકે સબ-જુનિયર ગર્લ્સ અન્ડર-૧૫ સાથે શરૂ થશે ત્યારબાદ કેડેટ ગર્લ્સ અન્ડર-૧૩, જુનિયર ગર્લ્સ અન્ડર-૧૭ અને ૧૯, વિમેન્સ સિંગલ ઈવેન્ટ્સ અને ટુર્નામેન્ટની બાકીની મેચો થશે.

આ ટુર્નામેન્ટ માટેની યાદી નીચે મુજબ છે. :

પુરૂષ સિંગલ્સઃ ૧. મલય પરીખ ૨. સતીશ પટેલ ૩. નયન ઘાટપાંડે ૪. વિશાલ રાવલ ૫. વિક્રમ સિસોદિયા ૬. વરુણ ઠાકર યુથ બોયઝઃ ૧. વરુણ ઠાકર ૨. વંશ મોદી ૩. ધ્યેય બેલાની ૪. અસ્તિક પ્રયાગ જુનિયર બોયઝઃ ૧. વંશ મોદી ૨. ધ્યેય બેલાણી ૩. દ્વિશ ટપયલ ૪. અક્ષર જેઠવા ૫. વેદ પંચાલ ૬. જાગરવ પટેલ ૭. યજાત રાવલ ૮. માધવ ત્રિવેદી જુનિયર ગર્લ્સઃ ૧. ત્રિશા પટેલ ૨. મિશ્રી ચૌહાણ ૩. અનુષ્કા પાંડે ૪. ઉપાસના પીલ્લા ૫. મહેક સેઠ સબ જુનિયર બોયઝઃ ૧. વંશ મોદી ૨. દ્વિશ ટપયલ ૩. માધવ ત્રિવેદી ૪. પલાશ કોઠારી ૫. યજાત રાવલ ૬. અક્ષર જેઠવા સબ જુનિયર ગર્લ્સઃ ૧. દિયા ગોલાણી ૨. સુઝાન ચૌહાણ ૩. ઉપાસના પિલ્લાઈ કેડેટ બોયઝ : ૧. વેદ પંચાલ ૨. પલાશ કોઠારી


INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara - 390 023, Gujarat, India.
Corporate Identity Number **(CIN):** L25200GJ1973PLC002436
**Tel. No. :** +91 265 2303201, 2303202
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2022**

(INR in Lakhs except EPS)

| Sr No | Particulars | Quarter ended on March 31, 2022 | Quarter ended on December 31, 2021 | Quarter ended on March 31, 2021 | For the year ended on March 31, 2022 | For the year ended on March 31, 2021 |
|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 62,390.32 | 51,190.55 | 63,654.76 | 2,17,901.56 | 1,63,148.40 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 13,009.97 | 7,343.18 | 21,645.51 | 44,257.82 | 37,607.38 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 13,009.97 | 7,343.18 | 21,645.51 | 44,257.82 | 37,607.38 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 9,906.18 | 4,742.45 | 16,140.22 | 32,254.34 | 28,021.52 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 9,936.32 | 4,790.12 | 16,150.59 | 32,288.25 | 27,949.41 |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | -- | -- | -- | 83,884.75 | 87,119.44 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 56.33 | 26.97 | 91.78 | 183.41 | 159.34 |

**Notes:**

(1) The above statements were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on May 26, 2022. The statutory auditor have expressed unmodified opinion on the aforesaid results.

(2) The above is an extract of the detailed format of the financial results for the quarter and year ended Mar 31, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com).

**For INEOS STYROLUTION INDIA LIMITED**
**Sanjiv Vasudeva**
**Managing Director and CEO**

**Place : Vadodara**
**Date : May 26, 2022**



INEOS STYROLUTION

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઇન્ડિયા લિમિટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૫મો માળ, ઓહ્મ હાઉસ - II, ઓહ્મ બિઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.
**CIN:** L25200GJ1973PLC002436
ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૦૨
**E mail :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**નોટીસ**
**ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં કંપનીના ઇક્વિટી શેર્સના ટ્રાન્સફર માટે**

આથી નોટીસ આપવામાં આવે છે કે સમયાંતરે સુધારેલ, કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા સૂચિત થતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ("નિયમો") અન્વયે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૨૪ ની જોગવાઈઓ મુજબ, કંપનીના ઈક્વિટી શેરો કે જેના પર ડિવિડન્ડ ચૂકવવામાં નથી આવ્યું અથવા સતત સાત (૭) વર્ષ અથવા તેથી વધુ વર્ષ માટે કલેમ કરવામાં નથી આવ્યો તેવા શેરો કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફન્ડ (આઈઈપીએફ) સસ્પેન્સ એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવા જરૂરી છે.

નિયમોમાં જણાવાયેલી વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યોગ્ય પગલાં લેવા માટે, કંપનીએ તા. ૨૫ મે, ૨૦૨૨ ના રીમાઇન્ડર લેટર દ્વારા શેર હોલ્ડરોને તેમના કંપનીમાં નોંધાયેલા સરનામે યોગ્ય પગલાં લેવા વિષે જાણ કરી હતી, કે જેમના શેર ઉક્ત નિયમો હેઠળ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પાત્ર છે.

કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com પર આવા શેરહોલ્ડરો અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાપાત્ર શેર્સની વિગતો અપલોડ કરવામાં આવી છે. શેરહોલ્ડર્સ વેબસાઈટમાંથી અનકલેમ્ડ ડિવિડન્ડ અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર માટે પાત્ર શેરની વિગતો ચકાસી શકે છે તથા ટ્રાન્સફર થતાં પહેલાં તેમના ડિવિડન્ડ અને શેર ક્લેઈમ કરવા માટે કંપનીનો તાત્કાલિક સંપર્ક કરી શકે છે.

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સંબંધિત શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની, નિયમો મુજબ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સનાં ટ્રાન્સફરના હેતુઓ માટે તેમના દ્વારા રાખવામાં અવેલા મૂળ શેર પ્રમાણપત્રો ને બદલે ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) આપશે અને આવા શેરના ઈશ્યુ પર મૂળ શેર પ્રમાણપત્ર, જે તેમના નામ પર રજીસ્ટર્ડ છે, તે આપમેળે રદ થઈ જશે અને બિન-વટાઉ તરીકે માનવામાં આવશે અને ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવતા શેરહોલ્ડરોને તેમના આવા આઈઈપીએફમાં ટ્રાન્સફર થવા પાત્ર શેર તેમના ડિમેટ એકાઉન્ટમાં ડેબીટ તરીકે જણાશે. વધુમાં શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની દ્વારા તેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી વિગતોને ધ્યાનમાં લેવી જોઈએ અને નિયમો અનુસાર, આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સના ટ્રાન્સફરના હેતુસર કંપની દ્વારા ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) ના ઈશ્યુના સંદર્ભમાં યોગ્ય નોટિસ માનવામાં આવશે.

જો કંપની **૨૮ ઓગષ્ટ, ૨૦૨૨** સુધી સંબધિત શેરહોલ્ડરો પાસેથી કોઈ પણ પ્રકારનો કાયદેસરનો દાવો / જવાબ નહીં મળે, તો કંપની ઉક્ત નિયમોની જરૂરીયાતોનું પાલન કરવાના દૃષ્ટિકોણ સાથે, શેરહોલ્ડરોને અન્ય કોઈ પણ વધુ નોટિસ વિના, નિયમોમાં નિયત પ્રક્રિયા મુજબ નિયત તારીખ સુધી શેરને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરશે, ત્યાર બાદ આવા ટ્રાન્સફર કરાયેલા શેરો અંગે કંપનીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

શેરહોલ્ડર્સ નોંધી શકે છે કે બંને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનકલેમ્ડ ડિવિડન્ડ અને શેર્સ, અને આવા શેર્સ પર પ્રાપ્ત થતા તમામ લાભો સહિત, જો કોઈ હોયતો, નિયમોમાં સૂચિત કાર્યવાહીને અનુસરીને આઈઈપીએફ ઓથોરિટી પાસેથી તેઓ ફરીથી કલેમ કરી શકે છે.

જો શેરધારકોને ઉપરોક્ત વિષય અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ ઉપર અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. બી-ટાવર, ૧૦૨ અને ૧૦૩, શાંગ્રીલા કોમ્પલેક્ષ, પ્રથમ માળ, એચ.ડી.એફ.સી. બેંક સામે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા-૩૯૦૦૨૦, ટેલીફોન નં. (૦૨૬૫) ૬૧૩૬૦૦૦, ઈ-મેઈલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરી શકશો.

બોર્ડના આદેશ દ્વારા
**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ માટે**
સહી/-
**અભિજાત સિન્હા**
હેડ - લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૨૭.૦૫.૨૦૨૨
સ્થળ : વડોદરા